**આંક –૪૦**

| | | |
|---|---|---|
| સેશન્સ કેસ નંબરઃ– 55/2022 | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૩ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | સંજયકુમાર બચુભાઈ રાવળ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 8320700702 |
| ઉંમર આશરે | ૩૩ | વરસની | ધંધો | પ્રાઈવેટ નોકરી |
| રહેવાનુ | તાણા તા.કાંકરેજ | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) તા.૫/૯/૨૨ના રોજ બપોરના સાડા બાર વાગ્યાની આસપાસ પોલીસે અમને જુના પોલીસ સ્ટેશન થરાની બાજુમાં રાવળવાસમાં પંચ તરીકે બોલાવેલા અને સાથે બીજા પંચ તરીકે મનુભાઈ નાનજીભાઈ રાવળ હાજર હતા. ત્યાં મને પાયલબેન અમરતભાઈ રાવળે મને જગ્યા બતાવેલી. ત્યાં રાવળ વાસમાં એક મેઈન હોલ હતો અને બે પડખાવાળો દરવાજો હતો અને ત્યાં રૂમમાં તેમની ઘરવખરી પડેલ છે અને ત્યાં એક કબાટ પડેલ હતુ અને નીચે ભોય તળીયે આરસ નાંખેલા હતા. મને જે રૂમ બતાવેલો તેનું માપ ૧૦×૧૨ ફુટનો હતો. અમરતભાઈના ઘરની પાછળ એક રસ્તો આવેલ છે અને ત્યાં પૂર્વ દિશાની બાજુમાં કાનજીભાઈ લવજીભાઈનું મકાન આવેલ છે અને અડીને ચામુંડા માતાનું મંદિર આવેલુ છે અને અમરતભાઈના ઘરની બાજુમાં ચમનભાઈ ગાંડાભાઈનો પ્લોટ આવેલ છે. પાયલબેને અમને જે ગુનાવાળી જગ્યા બતાવેલી. ગુનાવાળી જગ્યાથી દક્ષિણ દિશામાં ઠાકોરવાસ આવેલો છે. ગુનાવાળી જગ્યાની બાજુમાં કેશાભાઈ રૂડાભાઈ રાવળનું મકાન આવેલ છે. સદર પંચનામું મારી હાજરીમાં થયેલુ હતું. પંચનામુ થયા બાદ મે પંચનામુ વાંચેલું.

મને માર્ક:૧૧/૬ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં

સાહેદની સહી............................

આવે છે, જે પંચનામામાં પંચ નં.૧ તરીકે મારી સહી છે તેમજ બીજા પંચ તરીકે મનુભાઈ નાનજીભાઈ રાવળની સહી છે, જેઓએ પંચનામામાં હાજર હતા અને તેઓએ મારી હાજરીમાં સહી કરેલી,જે બંન્ને સહીઓ હું ઓળખી બતાવુ છુ , જે રજુ દાખલ **આંક:૪૧** આપવામાં આવે છે.

**સરતપાર પુરી..**

**આરોપી તરફે વી.વ.શ્રી આર.એન.ચૌધરી..**

(૨) તાણા અને થરા વચ્ચે આશરે દોઢેક કિ.મી.નું અંતર આવેલ હશે. મારુ મુળ વતન તાણા છે. એ વાત ખરી છે કે ભોગબનનાર અને અમે એક જ સમાજના છીએ. એ વાત ખરી છે કે થરા રાવળવાસમાં અમારૂ તથા અમારા કાકાનું મકાન આવેલ છે. એ વાત ખરી છે કે અમો અને ભોગબનનાર અમે એક જ મેડલાના છીએ અને સમાજની રીતે કુટુંબી છીએ. મને થરા પો.સ્ટે.ના પી.આઈ. સાહેબ પંચ તરીકે બોલાવા માટે તાણા આવેલા. જેઓ ગાડી લઈને આવેલા અને મને ગાડીમાં બેસાડી પો.સ્ટે. લાવેલા અને પો.સ્ટે.માં પંચ તરીકે અમારી સહી કરાવેલી. ત્યાં અમો અમારા ઘરે નીકળી ગયેલા. એ વાત ખરી છે કે તે સિવાય બીજું કંઈ બનેલુ નથી.

**વિશેષ ઉલટતપાસ નથી.**

**ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા<br>તા.૦૬/૦૧/૨૦૨૬ | (કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................